આપણું પોતાનું અખબાર

ઇશ્વર એવો ક્ષમાવાન છે કે આપણને પશ્ચાતાપની પણ તક આપે છે - ગાંધીજી

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com



વર્ષ : (૨૭) અંક નં. ૩૩ | ૧૩ એપ્રિલ ૨૦૧૨, શુક્રવાર, ચૈત્ર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગાંધીનગર સીટી બસમાં ભાડાવધારો

## સીએનજીના ભાવ વધારાના પગલે એક રૂપિયાનો ભાડા વધારો કરાયો : શહેરી બસ સેવામાં મિનિમમ ટીકીટનો દર યથાવત રહેશે

ગાંધીનગર, તા. ૧૨ મોંઘવારીએ માઝા મુકી છે. જીવન જરૂરિયાતની મોટાભાગની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. જ્યારે તાજેતરમાં જ સી.એન.જી. ગેસમાં કીલો દીઠ રૂ. ૪.૯૫ પૈસાના ભાવ વધારો થતા શહેરી બસ સેવામાં સફર કરવાનું પણ હવે મોંઘું બન્યું છે. વીટકોસ દ્વારા સીટીબસના ભાડામાં એક રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

પાટનગરમાં દાયકાઓના અંતે છેલ્લા ત્રણ વર્ષથી શહેરી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના પરિણામે શહેરીજનોને સેક્ટરથી સેક્ટર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચવામાં સરળતા ઉપલબ્ધ થઈ છે. પરંતુ સીટીબસ સેવા પણ ગેસ ભાવ વધારાના લીધે આમ નાગરીકો માટે મોંઘી બની છે. સી.એન.જી. ગેસના તાવમાં કિલો દીઠ રૂ. ૪.૯૫ પૈસાનો ધરખમ વધારો થયો છે. જેના પરિણામે તા. ૧૩ એપ્રિલથી સીટી બસમાં ટીકીટના દરમાં પણ રૂ. ૧ નો વધારો કરવામાં આવ્યો છે. વીટકોસ ટ્રાન્સપોર્ટેશનના મેનેજરે આ અંગે જણાવ્યા અનુસાર સી.એન.જી. ગેસના ભાવ વધારાના અંતે કિલો દીઠ ભાવ રૂપિયા ૫૦.૨૦ થયો છે. જ્યારે ડીઝલના ભાવ વધારા કરતા પણ અંદાજે રૂ. ૫ જેટલો ગેસનો ભાવ વધુ હોવાનું પણ તેમણે જણાવ્યું છે. ભાવવધારાની આ સ્થિતિના લીધે શહેરી બસ સર્વિસમાં ટીકીટનો દર વધારવાની ફરજ પડી હોવાનું પણ તેમણે જણાવ્યું છે. જ્યારે મીનીમમ ટીકીટ ભાડુ રૂ. ૪ યથાવત રહેશે.

# પંચાયતની ચૂંટણી માટે તંત્ર તૈયાર

## સ્થાનિક પોલીસની મદદમાં એસ.આર.પી.ની એક કંપની પણ ફરજ માટે તૈનાત કરવામાં આવી : બે વિભાગીય પોલીસ અધિકારીઓની રાહબરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત : ૨૩૧ મતદાન મથકો પર મતદાન

ગાંધીનગર, તા. ૧૨ આગામી રવિવારે યોજાનાર ૬૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી નિર્ભિક, નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે માટે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે એસ.આર.પી.ની એક કંપની પણ સ્થાનિક પોલીસની મદદમાં ફરજો બજાવશે.

જિલ્લાતંત્ર દ્વારા આ ચૂંટણી અંગેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ચૂંટણી દરમ્યાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત જાળવવામાં આવશે.

બે વિભાગીય પોલીસ અધિકારીના નેતૃત્વમાં આ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. જેમાં ૩૦૦ પોલીસ જવાન ઉપરાંત પી.આઈ., પી.એસ.આઈ. સંવર્ગના અધિકારીઓ તેમજ હોમગાર્ડ અને ગ્રામરક્ષકદળના જવાનો પણ ફરજ બજાવશે.

પંચાયતની ચૂંટણી અંગેની તૈયારીમાં સઘન સુરક્ષા વ્યવસ્થા સાથે સતત પેટ્રોલીંગ પણ પોલીસ અધિકારીઓ દ્વારા કરવામાં આવનાર છે.

જિલ્લામાં બીજી તબક્કાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આ ચૂંટણીઓ યોજાઈ રહી છે. ૯૧ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવા માટે ૨૪ ચૂંટણી અધિકારીઓ અને ૨૪ મદદનીશ ચૂંટણી અધિકારીઓની પંચે નિયુક્તી કરી છે.

પંચે આ ચૂંટણીમાં નિરીક્ષકોની પણ નિમણુંક કરીછે. ગાંધીનગર જિલ્લા માટે નિરીક્ષક તરીકે સુશ્રી ભાર્ગવીબેનની નિમણુંક કરવામાં આવી છે. તેમણે ચૂંટણીની તૈયારીઓ અંગે સમીક્ષા પણ કરી હતી.

જિલ્લામાં બીજા તબક્કાની આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં ૧૮ પંચાયતો સમરસ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે આ ચૂંટણીમાં બે હજાર જેટલા પોલીંગ સ્ટાફની નિમણુંક કરી દેવામાં આવી છે તેમજ તેમને જરૂરી તાલિમ પણ આપી દેવામાં આવી છે. જિલ્લામાં આ ચૂંટણી માટે ૨૩૧ જેટલા મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

એક લાખ ૪૭ હજારથી પણ વધુ મતદારો આ ચૂંટણીમાં તેમના મતાધિકારનો ઉપીયોગ કરી તેમના પ્રતિનિધિની ચૂંટણી કરનાર છે. આ માટે જિલ્લામાં ૮૭૨ ઉમેદવારો મેદાનમાં છે. આ ચૂંટણીમાં પહેલીવાર ઈ.વી.એમ.નો ઉપીયોગ થનાર છે.



ઉનાળો જેમ દુનિયા માટે ગરમીની ઋતુ છે એમ વિદ્યાર્થીઓ માટે મોજમજાની ઋતુ છે. કારણ કે આ દિવસોમાં ગરમીને કારણે જ શાળાઓમાં વેકેશન પાડવાનો આપણે ત્યાં ચાલ છે, જેથી વિદ્યાર્થીઓને ગરમી નડે નહીં. જોકે જોવા જેવી વાત એ છે કે આ દિવસો રજાના હોવાથી વિદ્યાર્થીઓ ગરમીની જરા સરખી પણ કર્યા સિવાય મુક્ત મને રમવાનો આનંદ માણે છે. ના કોઈ ટ્યુશન, ના કોઈ સ્કૂલ કે ના કોઈ લેસનની ઝંઝટ. બસ રમવું, રમવું ને રમવું. આને કહેવાય વેકેશન ! આને કહેવાય બાળપણનો આનંદ અને આને કહેવાય રમવાની મઝા. તસવીરમાં આવી જ મઝા માણી રહેલાં બાળકો આ તસવીર જોનાર સૌને પોતાનાં બાળપણની યાદ તાજી કરાવી દે છે. (તસવીર : દિપક જાની)

# ઓડ હત્યાકાંડ કેસમાં ૧૮ને આજીવન કેદ

## અન્ય આરોપીઓને સાત વર્ષની જેલની સજા ફટકારાઈ : આણંદ જિલ્લાની ખાસ અદાલતનો ચુકાદો : કોર્ટ સંકુલ બહાર નરેન્દ્ર મોદી વિરૂદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરાયા : સઘન સુરક્ષા વચ્ચે ચુકાદો જાહેર કરાયો

અમદાવાદ, તા. ૧૨ આણંદ જિલ્લાની ખાસ અદાલતે સમગ્ર દેશને હચમચાવી મૂકનાર ઓડ હત્યાકાંડ મામલામાં આજે તેનો ચુકાદો જાહેર કર્યો હતો. કોર્ટે કુલ ૨૩ અપરાધીઓ પૈકી ૧૮ને આજીવન કારાવાસની સજા ફટકારી હતી જ્યારે બાકીના પાંચ અપરાધીઓને ૭ વર્ષની જેલની સજા ફટકારી હતી. આણંદ જિલ્લા કોર્ટની બહાર પીડીતોના પરિવારજનોએ ગુજરાત સરકાર વિરૂદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. કુલ ૪૭ આરોપીઓ પૈકી ૨૩ને અગાઉ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. જે પૈકી આજે ૧૮ને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. સજા ફટકારવવામાં આવી ત્યારે કોર્ટની બહાર અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. ઓડ હત્યાકાંડનો ચુકાદો આજે જાહેર થનાર હતો જેથી પહેલાથી જ મોટી સંખ્યામાં આ મામલા સાથે સંકળાયેલા સંબંધિત લોકો કોર્ટ સંકુલની આસપાસ એકત્રિત થઈ ગયા હતા. કાર્યવાહી શરૂ થયા બાદ ખાસ અદાલતે ૧૮ અપરાધીઓને આજીવન કારાવાસની સજા ફટકારી દીધી હતી. દોષિતોના વકીલોએ કોર્ટની બહાર જણાવ્યુ હતું કે ચુકાદાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવવામાં આવશે. સરકારી પક્ષ દ્વારા તમામ દોષિતોને ફાંસીની માંગણી કરવામાં આવી હતી. પરંતુ આને માન્ય રાખવામાં આવી ન હતી. આણંદ સેશન કોર્ટે સોમવારે ૨૩ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા બાદથી જ એવી અટકળો ચાલી રહી હતી કે અપરાધીઓને અતિ કઠોર સજા ફટાકરવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૯મી એપ્રિલના દિવસે આણંદની ખાસ અદાલતે ગોધરા ટ્રેન અગ્નિકાંડ બાદના ઓડ હત્યાકાંડ કેસમાં ૨૩ શખ્સોને અપરાધી ઠેરવ્યા હતા જ્યારે અન્ય ૨૩ શખ્સોને પુરાવાના અભાવે નિર્દોષ ઠેરવ્યા હતા. ઓડ હત્યાકાંડમાં ૨૩ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. ચુકાદો જાહેર કરવામાં આવે તે પહેલાં જ આણંદ

જિલ્લાની ખાસ અદાલતની આસપાસ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી અને સાવચેતાની તમામ પગલા લેવામાં આવ્યા હતા.

વિસનગર : 15.04.2012 થી TET માં પ્રવેશ શરૂ થશે...

PTC 5700 જગ્યાઓ | TET-2012 | 19000 જગ્યાઓ

B.Ed. / PTC + સ્નાતક 13300 જગ્યાઓ

પરીક્ષાની તા. 24.06.2012 | જાહેરાત 16 થી 24 એપ્રિલ 2012 | ફી ₹ 28000 (R) ₹ 99000 (NR) | સંપૂર્ણ સાહિત્ય FREE

વર્ગ શરૂ થવાની વિગત (TET માટે જ)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| વિસનગર | 28.4.2012 SATURDAY | બપોરના 1-00 થી 3-00 | બુધ થી રવિ |
| મહેસાણા | 27.4.2012 FRIDAY | સવારના 8-00 થી 10-00 | બુધ થી રવિ |
| ગાંધીનગર | 26.4.2012 THURSDAY | બપોરના 3-00 થી 5-00 | સોમ થી શુક્ર |
| પાટણ | 27.4.2012 FRIDAY | સવારના 8-00 થી 10-00 | શનિ થી ગુરૂ |
| હિંમતનગર | 28.4.2012 SATURDAY | બપોરના 2-00 થી 4-00 | ગુરૂ થી સોમ |
| પાલનપુર | 29.4.2012 MONDAY | બપોરના 1-00 થી 3-00 | શુક્ર થી મંગળ |

પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સમય / તારીખ શાખામાં પહોંચી જવું, વર્ગ શરૂ થઈ જશે.

શનિ/રવિની ખાસ બેચ ફક્ત ગાંધીનગર / મહેસાણા શાખામાં જ તા. 5.5.2012 બપોરના ૨ થી સાંજના ૬ શરૂ થશે...

150+થી વધુ 'મેજીસ્ટ્રેટ'ની ટૂંક સમયમાં 'સીધી ભરતી'
❑ લાયકાત : ગ્રેજ્યુએટ તથા LLB ❑ ઉંમર : 21 થી 35 વર્ષ
❑ વર્ગ શરૂ થવાની તા. 28.4.2012 (ફક્ત ગાંધીનગર ખાતે)
❑ બેચનો સમય સાંજે 7-30 થી 9-30 (સોમથી શુક્ર)
ફી ₹ 18,000/- (P) ₹ 31,000/- (M)
'મેજીસ્ટ્રેટ' LLBના વિદ્યાર્થીઓ માટે ખાસ

પરીક્ષા સંભવિત જૂન, જુલાઈ 2012 PSI/કલાર્ક/(બિન સચિવાલય)/કોન્સ્ટેબલ
પાટણ / પાલનપુર ગેરંટેડ બેચમાં પ્રવેશ બંધ તા 18.04.2012

TCCI EDUCATION PVT. LTD.
નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

ગાંધીનગર 9925698721 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3-00 થી 4-00 સુધી) દર રવિવારે રજા

મહેસાણા 7567283798 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, રૂબરૂ/ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર મંગળવારે રજા

હિંમતનગર 9725868704 બીજો માળ, યામાહા શોરૂમની ઉપર, મોતીપુરા સર્કલ, હિંમતનગર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) રવિવારે રજા

પાલનપુર 8141490633 એફ-28, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00 સધી) દર શુક્રવાર રજા

પાટણ 9687885391 એસ-143 થી 147, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર શુક્રવાર રજા

વિસનગર 9825615837 14 પ્રથમમાળ, સ્પાન ચંદન મોલ, ડોસાભાઈ બાગની સામે, ICICI બેંકની ઉપર. વિસનગરની શાખામાં પ્રવેશ શરૂ થશે 15.04.2012 થી • દર સોમવારે રજા

કડી, ઈડર, મોડાસામાં ટૂંક સમયમાં શાખાનો શુભારંભ : સંપર્ક - 9925698721

TCCI 'KNOWLEDGE VALLEY PUBLICATION' ટૂંક સમયમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું સાહિત્ય !

ONLINE EDUCATION : 21 નવી શાખાઓ (મધ્ય-દક્ષિણ) ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં !

01.06.2012 થી ગાંધીનગર શાખાનું નવું સરનામું ➡ પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, ઘ-રોડના છેડા પર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), પેથાપુર, ગાંધીનગર.

ટૂંક સમયમાં SPOKEN ENGLISH cum ENGLISH LANGUAGE COURSE-2020

## NATIONAL PRODUCTIVITY COUNCIL

E-5, GIDC, Electronics Estate, Nr. Tata Chowkdi, Sector-26, Gandhinagar-382028, Gujarat
(Email : npcgnr@gmail.com)

### TENDER NOTICE

**DESIGNING & PRINTING OF BOOKS - 5000 COPIES IN ENGLISH & 5000 COPIES IN GUJRATI**

Sealed quotations are invited for designing & printing of 10,000 copies of book (5000 copies in English & 5000 copies in Gujarati). Each book will be printed in the paper quality 70 GSM Glossy Art Paper and A4 Size paper. Contents of book would be provided by NPC, Gandhinagar.

| Sl. No | Name of the book | No. of B&W pages in each book (Back to back print) | No. of Colour pages in each book |
|---|---|---|---|
| 1 | Cleaner Production case studies in Gujarat (English) | 62 | 6 |
| 2 | Cleaner Production case studies in Gujarat (Gujarati) | 62 | 6 |

1. You are requested to send your quotations in two separate sealed covers using one for technical bid and one for financial bid both kept in a sealed cover super-scribing "Quotation for PRINTING OF BOOKS" latest by
   15-05-2012 up to 04:00 P.M;
2. Enclose a sample of printing material (Books only) with quotation published by the bidder;
3. The quotation will be submitted at NPC, Gandhinagar office between 11:00 AM to 04:00 PM along with an Account payee Demand Draft of Rs 2000/- as tender fee drawn in favour of National Productivity Council, Gandhinagar payable at Gandhinagar. Quotation not supported with the demand draft for the said amount will not be entertained. Contact person in office is Shri D.M. Patel, Junior Assistant;
4. The quotation not sent in the manner indicated above would be liable to be rejected. The rates quoted shall be valid for six months from the date of issue of the work order.

-Sd-
Head (RPMG)

SUMMER CAMP – 2012
(Open to all the students up to Std. 10)
From 17th April to 22nd April, 2012
Time : 9 am to 12 pm



Events:-
- Horse Riding
- Swimming
- Table Tennis
- Cricket
- Basketball
- Dance

Breakfast will be provided
Transport facility available for Gh-road, Ch-road, Kalol, Mansa and Dahegam

Contact for registration
1) Vikram Raval - 9904737317
2) Samir Parvadia - 9016959566
3) Feni Patel - 9409064154
or Personal Visit to School

GANDHINAGAR International Public School
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar - 382620
Ph: 079 23976821-22-23